" સાફલ્યગાથા "

તા.૦૭/૦૫/૨૦૧૮ થી તા.૧૪/૦૫/૨૦૧૮

**મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

- ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/ index.php ઉપર ગુમ થયેલા અને પરત મળેલ બાળકોની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.

**જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી**

- **બારડોલી I ગુ ર નં ૪૦/૦૧૮ ઇ.પી કો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬,(૨),(કે) (એન),૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ સને ૨૦૧૨ ની કલમ -૪ મુજબ ના આરોપી મધુકર ચેતનભાઇ બેડ્સે ઉવ -૫૪ ધંધો વકીલાત તથા નોટરી રહે,નિઝામપુર ,લક્ષ્મણ નગર તા-સાક્રી જી-ધુલીયા મહારાષ્ટ્ર ૦૮/૦૫/૨૦૧૮ ના કં-૧૯/૩૦ વાગે અટક કરેલ છે.**
- **કામરેજ I- ૧૮૭/૨૦૧૬ ઇ.પી.કો.૪૦૬,૪૨૦, ૪૨૪,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦(બી), ૩૪ ૧૧૪ ના ગુનાના કામે આરોપી રસીકભાઇ વિનુભાઇ ગેલાણી, રહે.શ્રીજી કૃપા સ્સોસાયટી, કાપોદ્રા ચાર રસ્તા વરાછા રોડ, સુરત મો.નં.૯૯૨૫૨-૦૦૮૦૮ નાને ૧૦/૦૫/૨૦૧૮ કા-૧૧/૧૫ વાગે અટક કરેલ છે**
- **કામરેજ I ૫૧/૨૦૧૫ IPCકલમ-૪૦૬,૪૦૯,૪૨૦,૧૨૦(બી),૧૪૪ તથા GPID એક્ટ૨૦૦૩ની કલમ-૩ મુજબના ગુનાના કામે આરોપી દિપકકુમાર હિમ્મતલાલ ખત્રી લોટેશ્વાર માહાદેવ મંદિર પાસે લીંબુવાળની શેરી પાટણ તા.જી, પાટણ મો.નં-૭૭૭૮૦૦૧૮૫૭ નાને તા-૧૧/૦૫/૨૦૧૮ કલાક-૧૬/૦૦ વાગે અટક કરેલ છે.**
- **મહુવા I ગુ.ર.નં. ૨૪/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૦૭ ના ગુનાના કામે આરોપી રવિન્દ્રભાઇ સુમનભાઇ ઢો.પટેલ, ઉ.વ.૨૯ રહે.ગોઇમા ગામ, કુકણ વાડ ફળિયુ, તા.પારડી, જી.વલસાડ.નાને તા.૧૧/૦૫/૨૦૧૮ ના કલાક ૨૨/૩૦ વાગે અટક કરેલ છે.**
- **મહુવા I ગુ.ર.નં. ૨૬/૨૦૧૮ ઇ.પી.કો ૩૭૯,૧૧૪ મુજબ ના ગુનાના કામે આરોપી (૧) જીતેશભાઇ ગણપતભાઇ પટેલ ઉ.વ. ૨૮ રહે, ગાંગડીયા નવા ફળિયુ તા.મહુવા જી.સુરત (૨) દિપકભાઇ મહેશભાઇ પટેલ ઉ.વ. ૧૯ રહે, ગાંગડીયા નવા ફળિયુ તા.મહુવા જી.સુરત.નાને તા.૧૨/૦૫/૨૦૧૮ ના કલાક ૨૧.૧૫ વાગે અટક કરેલ છે**

# બારડોલીમાં ચોરીની બાઇક સાથે વાહનચોર પકડાયો

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

બારડોલીમાંથી ચોરીની બાઇક સાથે યુવકને ઝડપી પડાયો છે.

બારડોલી તાલુકાના મોટી ભટલાવ ગામના પટેલ ફળિયામાં રહેતા જયેશભાઇ જગુભાઈ પટેલે સ્પ્લેન્ડર મોટરસાયકલ નંબર જીજે 5 એ એલ 5178 લઇ બારડોલીના જુના એસ.ટી.ડેપો પાસે આવેલા કાપડીયા શોપિંગ સેન્ટર માં કામે આવ્યા હતા તેવા સમયે તેમણે શોપિંગ સેન્ટર નજીકના રોડ ઉપર તેમની મોટરસાયકલ પાર્ક કરી હતી કામગીરી પતાવી તેઓએ પાછા આવી જોતા તેમની મોટરસાયકલ ગુમ જણાઈ હતી. બારડોલી પોલીસ મથકે વાહનચોરીની ફરિયાદ દાખલ થતા તપાસના ચક્રો ગતિમાન કરતા પી.એસ.આઈ ચૌધરી અને સર્વેલન્સ ટીમે તેઓને મળેલી બાતમી આધારે બારડોલીના સુરતી નાકા વિસ્તારમાં વોચ ગોઠવતા તેઓને ચોરીની મોટરસાયકલ ઉપર ફરવા નીકળેલો વાહનચોર રણજીત ઉર્ફે સંજય રમણ રાઠોડ રહે તેન ગૌચર ફળીયા તા, બારડોલીને ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલો વાહનચોર એક મહિના અગાઉ બારડોલીના અલંકાર ટોકીઝ પાસેથી પણ વાહનચોરી કરી હતી.

# જીલેટીન ટેટા અને ડિટોનેટર વેચતા યુવકને ઝડપી પડાયો

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

ઉંમરપાડા તાલુકાના બિલવાડી ગામે સુરત જિલ્લા એસઓજી પોલીસે બાતમી આધારે છાપો મારતાં ગેરકાયદે જિલેટીન ટેટા અને ઈલેક્ટ્રીક ડિટોનેટર વેચાણ કરતાં ઈસમને રંગે હાથ ઝડપી પાડ્યો છે.

બિજલવાડી ગામે રોડ ફળિયામાં ઈશ્વરભાઈ ચંદુભાઈ વસાવના ઘરમાં ભાડેથી રહેતા સતક્યનારાયણ ભંવરલાલ સુવાકલા (મૂળ રાજસ્થાન) ઘરમાં ગેરકાયદે લાઈસન્સ વગર લોકોની જિંદગી જોખમાય તેમજ જાનમાલને નુકસન થયા તેવા વિસ્ફોટક પ્રદાર્થ વેચાણ કરતો હોવાની બાતમી એસઓજી પોલીસને મળીહ તી. જે આધારે સોમવારે સાંજે છાપો મારતાં સત્યનારાયણ સુવાલકાને ઘરમાં વિસ્ફોટક પ્રદાર્થ જીલેટીન ટેટા નં 25 કિંમત 1250, ઈલેક્ટ્રીક ડિટોનેટર નંગ 25 કિંમત 375 અને મેગનેટ બેટરી કિમ્મત 1500 મળી કુલે 3125 રૂપિયાનો મુદ્દામાલ ઘરમાં ગેરકાયદે રાખી લાઈસન્સ વિના વેચાણ કરતાં પકડાઈ ગયો હતો. આ વિસ્ફોટક પ્રદાર્થ નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે રહેતા વિનોદ ખટીક નામના યુવાને આપ્યો હોવાની કબૂલાત કરતાં પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. 25 જેટલા જીલેટી ટેટા કૂવો ખોદકામ કરવાપથ્થરો તોડવા વેચાણ કર્યા હોવાની પણ કબૂલાત કરી છે. ઉંમરપાડા પોલીસમાં બંને વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઉભારિયામાં દારૂના કાર્ટિંગ વેળા રેડ, 2.91 લાખનો દારૂ ઝડપાયો

## વડ ગામ પાસેથી પણ 2.92 લાખનો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

માંગરોળ અને ઉંમરપાડ તાલુકાના બે ગામોમાં રાત્રે સુરત જિલ્લા એલસીબી પોલીસની ટીમે વિદેશી દારૂનો મોટો જથ્થો સગેવગે કરવાની તૈયારીમાં છાપા મારી કબજે કર્યો છે. જોકે, પોલીસની રેડ જોતા બુટલેગરો પલાયન થઈ ગયા હતાં. પરતુ 17.38 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે.

પસુરત જિલ્લા એલસીબી પોલીસને મળેલી બાતમી આધારે ઉંમરપાડા અને માંગરોળના બે બુટલગરોમાં મોટો જથ્થો વિદેશી દારૂનો ઉતારવામાં આવનારા છે, અને સગેવગે કરનાર છે. જે આધારે રાત્રિ દરમિયાન પ્રથમ ઉંમરપાડા તાલુકાના ઉભારિયા ગામની સીમમાં ખેતરાડી રોડ પર પોલીસ પહોંચી જતાં સ્થળ પર એક ટ્રક અને ટેમ્પો ઈંગ્લિશ દારૂનો જથ્તો કાર્ટિંગ કરવાની તૈયારીમાં જ પોલીસ આવી જતાં સ્તળ પરથી બુટલેગરો ભાગી ગયા હતાં, પરંતુ વગર પાસ પરમીટની વ્હીસ્કી બિયરની 3444 નંગ બોટલ મળી આવી હતી. જેની કિંમત 2,91,600 રૂપિયા જેટલી થાય છે.

ત્યારબાદ માંગરોળ તાલુકાના વડ ગામની સીમાં રોડની બાજુમાં ખેતરાડી વિસ્તરામાંથી પણ ટેમ્પો અને વ્હીસ્કી બિયરની કુલ 4241 નંગ બોટલ મળી આવી હતી. જેની કિંમત 2,92,200 જેટલી થાય છે. ટેમ્પાની કિંમત 1 લાખ મળી કુલે 3,92,200નો મુદ્દામાલ કબજે લીધો હતો. બે બુટલેગરો ઝાકીર જુમ્માભાઈ મુલ્તાની (રહે. મુલતાની વાડ, ઝંખવાવ) અને રાજેશ મનજીભાઈ ચૌધરી (રહે. ઉભારિયા, તા. ઉંમરપાડા)નો વિદેશી દારૂ હોવાનું ખુલતાં ટ્રક અને ટેમ્પાના ચાલકો સાથે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.





## <u>પ્રેસનોટ</u>

<u>તા.૧૩/૦૫/૨૦૧૮</u>

## <u>દારૂના ધંધાની હેરાફેરી કરવા માટે આંતર રાજ્યમાંથી વાહનચોરી કરતી ટોળકી ઝડપી પાડતી સુરત જીલ્લા એલ.સી.બી.</u>

મે.રેન્જ આઇ.જી.પી.સા.શ્રી તથા સુરત જીલ્લા પોલીસ અધિક્ષક સાહેબ નાઓએ સુરત જીલ્લામાં બનતા ગંભીર ગુનાઓ તથા વણશોધાયેલ ગુનાઓની તપાસમાં રહી શોધી કાઢવા માટે જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ અને સુરત જીલ્લા વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા સારૂ સુચના આપેલ તે મુજબ આજરોજ ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર પી.એન.ઝિંઝુવાડીયા સાહેબ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે કડોદરા તથા પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો. મેરુભાઇ રમેશભાઇ નાઓને ખાનગી બાતમીદારથી બાતમી હકિકત મળેલ કે <u>"લીંબાયત નીલગીરી સર્કલ શાંતીનગર પાસે રહેતા શીવરામ ઠાકોર તથા તેના બે સાગરીતો સાથે મળી મધ્યપ્રદેશ રાજ્યના પાનસેમલ તથા નિવાલી તથા શીલાવદ ગામો માંથી મોટર સાયકલોની ચોરી કરી સુરત વિસ્તારમાં છુપાવી અને તે તમામ ચોરી કરી લાવેલ મોટર સાયકલોમાં ચોરખાના બનાવી દમણથી વિદેશી દારૂની હેરાફેરી કરવા સારૂ મુખ્ય સુત્રધાર શિવરામ ઠાકોર તેના મળતીયાઓ સાથે ચોરી કરી લાવેલ વગર નંબરની ત્રણ મોટર સાયકલ લઈ લીંબાયતથી પલસાણા થઈ દમણ તરફ જનાર છે"</u>તેવી ચોક્કસ બાતમી હકીકત આધારે પલસાણા ચાર રસ્તા પાસે સુરત સચીનથી પલસાણા ગામ તરફ જવાના રોડ ઉપર છુટા છવાયા વોંચમાં ઉભા હતા. તે દરમ્યાન વગર નંબરની ત્રણ મોટર સાયકલો લઈ ત્રણ ઇસમો પલસાણા તરફ આવતા તેઓ ત્રણેય ઇસમોને તેમની પાસેની વગર નંબરની મોટર સાયકલ સાથે પકડી પાડી તેઓ ત્રણેય પાસેથી મોટર સાયકલોના આર.ટી.ઓ.દસ્તાવેજી કાગળોની માંગણી કરતા નહી હોવાનુ જણાવતાં અને કોઇ સંતોષ કારક જવાબ નહી આપતાં પકડાયેલ ત્રણેય ઇસમો પાસે કોઇ આધાર પુરાવા નહિ હોવાનું જણાવતાં તેઓની સઘન પુછપરછ કરતાં તેઓએ આ મોટર સાયકલો મધ્ય પ્રદેશ રાજ્યના બડવાની જીલ્લામાં આવેલ પાનસેમલ, જશપુર, ડોંડવાડા, તથા નિવાલી પો.સ્ટે.ની હદમાં આવેલ સીદડીગામ તથા નિવાલીગામ તથા ગંદાવલગામ તથા પલસોદગામ તથા મેણીમાતાગામ વિસ્તારમાંથી મોટર સાયકલ ચોરી કરેલાની

કબુલાત કરેલ અને બીજી મોટર સાયકલો પલસાણા ખાતે મેઘાપ્લાઝા નજીક સંતાડી રાખેલ હોવાનું જણાવતાં તે જગ્યાએ તપાસ કરતાં ત્યાં બીજી મોટર સાયકલો મળી આવતાં કુલ -૬ વાહનો કબજે કરવામાં આવેલ છે. તેમજ આ ત્રણે ઇસમો પાસેથી મળી આવેલ મોટર સાયકલોમાં તપાસ કરતાં તે વાહનોમાં દમણથી દારૂની ખેપ મારવા માટે મોટર સાયકલોની પેટ્રોલ ટાંકીના ભાગે તથા સીટના નીચે ચોર ખાનાઓ બનાવેલ મળી આવેલ .જે તમામ મોટર સાયકલ કબજે કરવામાં આવેલ છે.

## પકડાયેલ આરોપીઓના નામ

(૧) શીવરામ લકડીયા ઠાંકોર ઉવ.૨૬ હાલ રહે. લીંબાયત નિલગીરી સર્કલ પાસે શાંતીનગર સુરત શહેર તથા મુળ રહે. ગરમ રાયખેડ કુંજરવાડાગામ છાપરા ફળિયુ પોસ્ટ.બંડારા તા.પાનસેમલ જી.બડવાની (MP)

(૨) લક્ષ્મણ તારાચંદ કોળી ઉવ.૨૨ હાલ રહે. હાલ રહે.લીંબાયત નિલગીરી સર્કલ પાસે શાંતીનગર સુરત શહેર મુળ રહે. શીરપુર વાલ્મીકનગર મુળ રહે શીરપુર વાલ્મીકીનગર તા.જલગાંવ જી.ધુલીયા (મહારાષ્ટ્ર)

(૩) સુરેશ શીતારામ જોકટે ઉવ.૨૨ હાલ રહે. લીંબાયત નિલગીરી સર્કલ પાસે શાંતીનગર સુરત શહેર મુળ રહે.તલાવડીગામ તા,પાનસેમલ જી.બડવાની ( MP)

(૪) વોન્ટેડ–રાજુ રહે લીંબાયત જેના પુરા નામસરનામાં જણાઈ આવેલ નથી

(૫) વોન્ટેડ- દિલીપ રહે- આલખેડી જી. બડવાની મધ્ય પ્રદેશ.

(૬) વોન્ટેડ- ગુડા રહે- કડીચોર જી, બડવાની મધ્ય પ્રદેશ.

## કબજે કરવામાં આવેલ મુદ્દામાલ

૧) એક વગર નંબરની કાળા કલરની સુપર સ્પેલન્ડર મોટર કિ.રૂ.30,000/-

(૨) એક કાળા કલરની વગર નંબરની સી.ડી.ડિલક્ષ મોટર સાયકલ કિમત રૂપિયા-૨૫,000/-

(૩) એક વગર નંબરની કાળા કલરની સ્પ્લેન્ડર પ્રો મોટર સાયકલ રૂપિયા-30,000/-

(૪) એક ગ્રે કલરની એક્ટીવા મોટર સાયકલ નંબર MP-46-MD-5726 કિમત રૂપિયા-30,000/-

(૫) એક એક કાળા તથા લાલ કલરની વગર નંબરની સ્પેશન સ્પ્રો મો.સા. કિ રૂપિયા-૨0,000/-

(૬) એક કાળા તથા લાલ કલરની વગર નંબરની પેશન પ્રો મો.સા. કિ રૂ- 30,000/-

(૭) મોબાઇલ ફોન નંગ-૨ કિમત રૂપિયા-૨000/-

કુલ્લે કિમત રૂપિયા-૧,૬૭,000/-

# 07-5-2018 to 13-5-2018 Weekly Call Detail.

| Call Grade | Category | Number of Calls | |
|---|---|---|---|
| 0 | Miss Calls | 26 | 101 |
| | Drop calls | 59 | |
| | Wrong Calls | 04 | |
| | Blank calls | 12 | |
| 1 | Information Calls | 60 | |
| 2 | Receive Calls | 78 | |
| 3 | Follow up Calls | 51 | |
| | Total Calls | 290 | |

| Category | Number of Calls | Total |
|---|---|---|
| Male | 105 | 290 |
| Female | 98 | |
| NA | 87 | |
| StudentStudents | 26 | |

**નંબર (૩) ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**

- ❖ ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઇવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઇન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ❖ ટ્રાફીકના એજયુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્વારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪) ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- ❖ નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- ❖ વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, એમ.સી.આર.ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- ❖ એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્વારા જાહેર સ્થળો, વાયટલ ઇન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર, વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.